सत्यमेव जयते

GJBT020004922021

કેસ રજુ તા. ૨૨–૦૨–૨૧
દાખલ તા. ૨૨–૦૨–૨૧
ફેંસલ તા. ૦૮–૦૮–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

## બોટાદના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા. જી. બોટાદ.

ફોજદારી કેસ નં. ૩૨૧/૨૧
આંક –

## –: ફોર્મ – એ :–

**પોલીસ સ્ટેશનઃ–** બોટાદના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૧૧૯૦૦૦૨૨૦૧૮૯૮/૨૦.

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.
ફરિયાદી તરફે વિદ્વાન પી.પી.શ્રી – ડૉ.આર. આર. જાની

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) કલ્યાણભાઈ ભીખાભાઈ ખાંદલા, ઉ.વ.આ. ૨૫,
(૨) જગદિશભાઈ ભીખાભાઈ ખાંદલા, ઉ.વ.આ. ૩૫,
(૩) બોઘાભાઈ ભીખાભાઈ ખાંદલા, ઉ.વ.આ. ૩૦,
(૪) મુન્નાભાઈ નરસીંહભાઈ ખાંદલા, ઉ.વ.આ. ૨૪,
તમામનો ધંધો – હિરા મજુરી,
તમામ રહે. કાનીયાડ નિશાળ પાસે, મઢુલીની સામે, જી. બોટાદ.

આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી – આર. એ. લીંબડીયા.

---

## –: ફોર્મ – બી :–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૧–૦૬–૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૧–૦૬–૨૦૨૦ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા.૨૨–૦૨–૨૦૨૧ |

| | |
|---|---|
| પુરાવો નોંધવાનું શરૂ કર્યાની તારીખ | તા.૧૬–૦૯–૨૦૨૩ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા.૦૧–૦૮–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા.૦૮–૦૮–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યા તારીખ, જો હોય તો | **તા.૦૮–૦૮–૨૦૨૬** |

## –: આરોપીઓની વિગત :–

| ક્રમ | આરોપીઓના નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુક્ત કર્યા તારીખ | કયો ગુનો નોંધાયેલો | છોડી મુકેલ કે સજા કરેલ | સજા કર્યાની વિગતો | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહ્યાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧<br>૨<br>૩<br>૪ | કલ્યાણભાઈ ભીખાભાઈ ખાંદલા<br>જગદિશભાઈ ભીખાભાઈ ખાંદલા<br>બોઘાભાઈ ભીખાભાઈ ખાંદલા<br>મુન્નાભાઈ નરસીંહભાઈ ખાંદલા | તા.૦૪ –૦૮– ૨૦૨૦ | તા.૦૪ –૦૮– ૨૦૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા<br>ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબ ... | **સજા કરેલ** | **દરેક આરોપીને ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા) નો દંડ** | – |

# –: <u>ફોર્મ – સી</u> :–

## <u>ફરિયાદપક્ષ / આરોપીપક્ષ / અદાલતે તપાસેલા સાહેદોની યાદી</u>

**એ –** ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| સાહેદોનો ક્રમ | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| **૧.** | ડૉ. યજ્ઞેશકુમાર જયંતિભાઈ ઈસનાવા | તબીબી અધિકારી | ૨૬ |
| **૨.** | ડૉ. જાગૃત છાયા | ઓર્થોપેડીક સર્જન ખાનગી ડૉક્ટર | ૩૮ |
| **૩.** | ચંદ્રકાંતભાઈ જયંતિભાઈ પરમાર | ફરિયાદી | ૬૦ |
| **૪.** | મુન્નાભાઈ નરસીંહભાઈ ખાંદલા | પંચ સાહેદ | ૬૩ |
| **૫.** | નટુભાઈ નાનુભાઈ ખાંદળા | પંચ સાહેદ | ૬૫ |
| **૬.** | સુરેશભાઈ ભનાભાઈ મીર | સાહેદ | ૬૮ |
| **૭.** | જયેશભાઈ જયંતિભાઈ સુતરીયા | સાહેદ | ૭૦ |
| **૮.** | ભરતભાઈ દયાળભાઈ ભુંગાણી | સાહેદ | ૭૧ |

| | | | |
|---|---|---|---|
| **૯.** | કિસ્મતભાઇ ઘુઘાભાઇ કુકડીયા | ત.ક.અધિકારી | ૭૩ |
| **૧૦.** | રાજુભાઇ કાનજીભાઇ સુતરીયા | પંચ સાહેદ | ૮૨ |
| **૧૧.** | હિતેશભાઇ ભુપતભાઇ પરમાર | પંચ સાહેદ | ૮૩ |
| **૧૨.** | વિપુલભાઇ ગોવિંદભાઇ માધવાચાર્ય | સરકારી સાહેદ | ૮૪ |

**બી –** આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| સાહેદ નં. | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદીઃ–

| સાહેદ નં. | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ/આરોપીપક્ષ/અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર

**એ –** ફરિયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ફ. આંક–૨૭/ ૭૫ – ફ.સા. ૧ | ઈજાપામનારને આપેલ તબીબી પ્રમાણપત્રની નકલ |
| ૨. | ફ. આંક–૨૮/ ફ.સા. ૧ | ફરિયાદીનો ઓ.પી.ડી. કેસ પેપર્સ અસલ |
| ૩. | ફ. આંક–૨૯/ ફ.સા. ૧ | એમ.એલ.સી. કેસની જાણ કરતી યાદી |
| ૪. | ફ. આંક–૩૦/ ફ.સા. ૧ | એક્ષ–રે રીપોર્ટ |
| ૫. | ફ. આંક–૩૯/ ફ.સા. ૨ | ફેરબદલી ફોર્મ |
| ૬. | ફ. આંક–૪૦/ ફ.સા. ૨ | જાગૃત છાયા દવાખાનાનું લેટર પેડ ઉપર આપેલ તબીબી પ્રમાણપત્ર |
| ૭. | ફ. આંક–૪૧/ ફ.સા. ૨ | પગનો એક્ષ–રે કરાવ્યાનો એક્ષ–રે રીપોર્ટની નકલ |

| | | |
|---|---|---|
| ૮. | ફ. આંક–૬૧/ ફ.સા. ૩ | ફરિયાદની ખરી નકલ |
| ૯. | ફ. આંક–૬૪/ ફ.સા. ૪ | આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| ૧૦. | ફ. આંક–૭૪ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૧૧. | ફ. આંક–૭૬/ ફ.સા. ૮ | હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ |

**બી –** આરોપીપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**ડી –** વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## –: ચુકાદો :–

**૧.)** ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

આ કામના આરોપી કલ્યાણભાઈને તેમની પત્ની સાથે છુટાછેડા થઇ ગયેલ છે, જે છુટાછેડા ફરિયાદીના કારણે થયેલ હોય તેવો ખોટો વહેમ રાખી ગઈ તા.૨૧–૦૬–૨૦૨૦ ના રોજ આ કામના ફરિયાદી તથા સુરેશભાઈ ભરવાડ નાઓ કારખાનેથી ઘરે જતા હતા ત્યારે સાંજના આશરે ૦૭ઃ૧૫ વાગ્યાના સુમારે મોજે મહાજનની વાડીમાં ક્રિષ્ણા નામના હિરાના કારખાનાની સામે ચાર રસ્તા પડે છે ત્યાં આ કામના આરોપીઓ એક સંપ થઇ પોતાના હાથમાં લોખંડનો પાઈપ લઈ આવી, ફરિયાદીને ગાળો આપેલી. જેથી ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતાં આરોપીઓએ આડેધડ લોખંડના પાઈપ વડે માર મારવા લાગેલ. જેમાં તેમને માથામાં તથા બંને પગે અને ડાબા હાથે માર મારી, મુંઢ ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી, શિક્ષાપાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

જે ફરિયાદ બોટાદ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૨૨ ૦૧૮૯૮/૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપી તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ ફરિયાદી તરફે રજુ આંક–૧૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૬ નો ઉમેરો કરવાની અરજી લગત હુકમ આધારે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનાનું તહોમત **આંક–૪૫ થી તહોમતનામુ** ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીઓની **આંક–૪૮ થી આંક–૫૧ સુધી પ્લી** નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરી, પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**૪.)** ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઇન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન

ખોટો કેસ કરેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઇ કહેવુ નથી કે બચાવપક્ષે કોઇ સાહેદો તપાસવાનો ઇન્કાર કરેલ છે.

**૫.)** ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી. જેમાં તેમણે જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ છે અને આરોપીઓએ બનાવ વખતે ફરિયાદીને લોખંડના પાઇપ વડે માર મારી, ફ્રેક્ચર જેવી ઈજા પહોંચાડેલ છે. તથા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. વધુમાં, સદર ફરિયાદીની ઈજાની હકીકત મેડીકલ ઓફીસરશ્રીએ તેમના પુરાવામાં સમર્થન કરેલ છે. જેથી ફરિયાદપક્ષના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધ સદર ગુનો શંકા રહિત પુરવાર થયેલ આરોપીઓને સજા કરવા અરજ કરેલ છે.

જ્યારે આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી આર.એ.લીંબડીયા ની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીઓને ફરિયાદી બનાવ અગાઉથી ઓળખે છે. તેમજ આરોપી નં. ૧ ની પત્ની સાથે ફરિયાદીને આડા સંબંધ હોય જે બાબતે ફરિયાદીએ જે પુરાવો રજુ કરેલ છે તેમાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તપાસ કરનાર અમલદારના પુરાવામાં વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ ફરિયાદીને થયેલ ઈજા પડી જવાથી થઇ શકે તેવી હતી અને કઇ વ્યક્તિએ શરીરના ક્યા ભાગે ઈજા પહોંચાડેલ તેવી હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સ્વતંત્ર સાહેદોના તથા આસપાસના રહેવાસીઓના નિવેદનો લીધેલ નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ સદર ગુનો શંકા રહિત પુરવાર થયેલ ન હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૬.)** ઉપરોકત ફરિયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઇ તા.૨૧-૦૬-૨૦૨૦ ના રોજ આ કામના ફરિયાદી તથા સુરેશભાઇ ભરવાડ નાઓ કારખાનેથી ઘરે જતા હતા ત્યારે સાંજના આશરે ૦૭:૧૫ વાગ્યાના સુમારે મોજે મહાજનની વાડીમાં ક્રિષ્ણા નામના હિરાના કારખાનાની

સામે ચાર રસ્તા પડે છે ત્યાં આ કામના આરોપીઓ એક સંપ થઇ પોતાના હાથમાં લોખંડનો પાઇપ લઈ આવી, ફરિયાદીને ગાળો આપેલી. જેથી ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતાં આરોપીઓએ આડેધડ લોખંડના પાઇપ વડે માર મારવા લાગેલ. જેમાં તેમને માથામાં તથા બંને પગે અને ડાબા હાથે માર મારી, મુંઢ ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**૭.)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી.

ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે, તેમાં

વિરોધાભાસ અને અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઇએ નહી. સાહેદે આપેલી જુબાની કઇ પરિસ્થિતિમાં આપેલ છે, કઇ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઇએ.

સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

<u>**તબીબી અધિકારીશ્રીઓના પુરાવાઓઃ-**</u>

૮.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ ડૉ.યજ્ઞેશકુમાર જયંતિભાઇ ઇસનાવાને આંક-૨૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, જુન-૨૦૧૬ થી તેઓ જનરલ હોસ્પિટલ બોટાદ ખાતે તબીબી અધિકારી તરીકે ફરજ બજાવે છે. ગઇ તા.૨૧-૦૬-૨૦૨૦ ના રોજ સાંજના આશરે ૦૭:૩૦ કલાકે તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે જયંતીભાઇ રામજીભાઇ નાઓ ફરિયાદી ચંદ્રકાંતભાઇ જયંતિભાઇ પરમાર નાઓને સારવાર માટે લાવેલાં. જ્યાં દર્દીએ પોતાની હિસ્ટ્રીમાં જણાવેલું કે, આ કામના તમામ આરોપીઓ કલ્યાણભાઇ, જગાભાઇ, દિનેશભાઇ અને મનુભાઇ નાઓએ તેમને લોખંડની પાઇપથી તે દિવસના સાંજના ૦૭:૦૦ કલાકે મહાજન વાડી, બોટાદ મુકામે માર મારેલ છે. જે બનાવ બાબતે પુછતાં તેમણે જણાવેલ કે આરોપી કલ્યાણભાઇની પત્ની સાથે છુટાછેડા થવાથી તેની દાઝ રાખી તેમને માર મારેલ છે.

દર્દીને માથાના ભાગે લોહી નીકળતા ઘા ની ઈજા, તેમજ જમણા અને ડાબા પગની અને ડાબા હાથાના દુઃખાવાની તકલીફ હોવાનું જણાવેલ. દર્દીને

તપાસતાં તેઓ સભાન અવસ્થામાં હતાં અને તેમનું શરીર સામાન્ય હતું. તેમના નાડીના ધબકારા, શ્વાસની ગતિ, લોહીનું દબાણ (બી.પી.) તથા તેમના શ્વસનતંત્રની અને રૂધિરાભીષણ તંત્રની તપાસ તેમજ પેટની તપાસ કરતાં તેમા કાંઇ અસામાન્યપણુ જણાયેલુ નહી.

જ્યારે ઈજાઓની તપાસ કરતાં તેમને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી.

ઈજા નં. ૧ – માથાના આગળના અને બાજુના ભાગે એક કપાયેલો અને છુંદાયેલો ચકામાવાળો ઘા કે જેનુ માપ ૬ સે.મી. X ૦.૫ સે.મી. હાડકા સુધીનો ઉંડો એવો લોહી નીકળતો ઘા હતો. આ ઈજા તાજા પ્રકારની તેમજ સાદી ઈજા હતી. જે કોઈપણ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી.

ઈજા નં. ૨ – જમણી સાથળના આગળના નીચલા ૧/૩ ભાગે એક ચકામુ હતું. જેનુ માપ ૮ સે.મી. X ૩ સે.મી. હતું. આ ઈજા લાલ કલરની હતી અને તે તાજી અને સાદા પ્રકારની ઈજા હતી. જે કોઈપણ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી.

ઈજા નં. ૩ – જમણા પગના નીચલા ૧/૩ ભાગમાં એક ચકામુ હતું. જેનુ માપ ૭ સે .મી. X ૩ સે.મી. નું હતું. તે ઈજા લાલ કલરની હતી અને તાજી તથા સાદા પ્રકારની હતી. આ ઈજા કોઈપણ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી.

ઈજા નં. ૪ – એક ઉઝરડો ડાબી સાથળના આગળના નીચલા ૧/૩ ભાગે ૨.૫ સે.મી. X ૨.૫ સે.મી હતો. જેમાંથી લોહી નીકળતું હતું. આ ઈજા તાજી અને સાદા પ્રકારની તથા લાલ કલરની હતી કે જે કોઈપણ ખરબચડા અને સખત પદાર્થથી થઈ શકે તેવી હતી.

ઈજા નં. ૫ – ડાબા હાથના પંજાના પાછળના ભાગે દુઃખાવો અને સોજાની તકલીફ હતી તેમજ તપાસમાં પણ દુઃખાવો જણાઈ આવેલો.

ઈજા નં. ૬ – જમણા પગનો એક્ષ–રે કરાવવામાં આવેલો. જેમાં બહારના મોટા લાંબા હાડકાનું ફ્રેકચર હતું, તે એક ગંભીર પ્રકારની ઈજા હતી. જેના માટે હાડકાના ડોકટરનો રેફરન્સ (સલાહ) લેવામાં આવેલો હતો. આ દર્દીનો એક્ષ–રે તેમની હોસ્પિટલમાં કરવામાં આવેલો. જેની એક્ષ–રે પ્લેટ નં. ૪૨૭૦ નો અભ્યાસ કરતા ઈજા નં. ૬ માં ફ્રેક્ચર જણાઈ આવેલુ.

ડૉ.સાહેદે આ દર્દીનુ તબીબી પ્રમાણપત્ર તૈયાર કરેલુ જેની કોપી તેમને બતાવતાં આ સર્ટીફીકેટ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરવામાં આવેલ હોય અને તેમાં ડૉ.સાહેદે જણાવ્યા મુજબની હકિકતોનું વર્ણન કરવામાં આવેલ હોવાનું જણાવે છે. જેમાં ડૉ.સાહેદ પોતાની સહી અને હોસ્પિટલના સહી–સિક્કા ઓળખી બતાવે છે. જે તબીબી પ્રમાણપત્રની નકલને આ કામે **આંક–૨૭** થી રજુ કરેલ છે.

વધુમાં, ડૉ.સાહેદે દર્દીના એમ.એલ.સી. તથા ઓ.પી.ડી કેસ પેપર્સ આ કામે **આંક–૨૮** થી રજુ કરેલ છે. તેમજ એમ.એલ.સી કેસ અંગેની જાણ પોલીસને કરેલ તે પત્રની નકલ પણ આ કામે **આંક–૨૯** થી રજુ કરેલ છે. તેમજ દર્દીની એક્ષ–રે પ્લેટ પણ સાથે લાવેલ હોય જે આ કામે **આંક–૩૦** થી રજુ કરેલ છે.

વધુમાં, ડૉ.સાહેદે સદરહુ જણાવેલ ઈજાઓ નં. ૧, ૨, ૩, ૫ અને ૬ સખત તથા બોથડ પદાર્થ વડે થઇ શકે. જ્યારે ઈજા નં. ૪ ખરબચડા અને સખત પદાર્થ વડે થઇ શકે તેવી હતી. આ ઉપરોક્ત ઈજાઓ લોખંડની પાઇપ વડે થઇ શકે તેવી હતી. આ ઈજા નં. ૧ થી ૫ સામાન્ય પ્રકારની ઈજાઓ છે, જ્યારે ઈજા નં. ૬ ગંભીર પ્રકારની ઈજા છે. ઈજા નં. ૧ માં ટાંકા લેવામાં આવેલ છે, તેમાં કોઇ અડચણ થાય તો તે ઈજા જીવલેણ પણ બની શકે. દર્દીને તપાસેલ ત્યારે કોઇ પણ ઈજામાં કોમ્પલીકેશન જણાઇ આવેલ નહી.

–> બચાવપક્ષે સદરહુ **ડૉ.સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, ઈજા પામનારને તેમની પાસે પોલીસ યાદી વગર લાવવામાં આવેલાં. દર્દીને સારવાર માટે લાવેલાં ત્યારે તેઓ સંપુર્ણ ભાનમાં હતાં. કોઇ વ્યક્તિ ઉપર અચાનક ઘણી વ્યક્તિઓ હુમલો કરે તો તેનું બ્લડપ્રેશર ઉંચુ કે નીચુ થઇ શકે છે પરંતુ દર્દીને તપાસેલ ત્યારે તેનુ બી.પી. સામાન્ય હતું. તેમજ તેના શરીરનું તાપમાન અને હૃદયના ધબકારા પણ સામાન્ય હતાં. દર્દીએ જણાવેલ તબીબી હિસ્ટ્રીમાં કયા આરોપીએ તેમને ક્યા હથીયાર વડે શરીરના ક્યા ભાગે ઈજા કરેલી તે જણાવેલ નથી. આંક– ૨૭ થી રજુ થયેલ તબીબી પ્રમાણપત્રની નકલમાં દર્દીને થયેલ ઈજા નં. ૧ બાબતે ટાંકા લેવામાં આવેલા તેવું જણાવેલ નથી.

વધુમાં, દર્દીને થયેલ ૦૬ ઈજાઓમાં કાયમી ખોડખાંપણ રહી જાય તે પ્રકારની ન હતી. દર્દીને થયેલ ઈજા નં. ૧ માં જો કોઈ અડચણ ન થાય તો તે સારી થતા આશરે ૧૦–૧૨ દિવસનો સમય લાગી શકે તથા ઈજા નં. ૨ થી ૫ ને સારી થતા આશરે ૭ થી ૧૦ દિવસનો સમય લાગી શકે. જ્યારે ઈજા નં. ૬ માં અસ્થિભંગ

હોય તેને સારી થતા કેટલો સમય લાગે તે ઓર્થોપેડીક સર્જન કહી શકે છે. જો કોઇ વ્યક્તિ ચાલુ મોટરસાયકલે પડી જાય તો પણ તેને પણ આ પ્રકારની ઈજાઓ થઇ શકે છે. દર્દીને રીફર કર્યા બાદ તેઓ ફરીથી તેમની પાસે સારવાર લેવા આવેલા નથી. દર્દીને જમણા પગે થયેલ ફ્રેક્ચર સિવાય તે સમયે અન્ય કોઇ ગંભીર ઈજાઓ જણાયેલી નહી. આ ઈજા નં. ૬ માં કાયમી ખોડખાપણ રહી જાય તેવી ઈજા હતી કે કેમ? તે ઓર્થોપેડીક સર્જન કહી શકે સાહેદ જણાવી શકે તેમ નથી. સદરહુ આ ૦૬ ઈજાઓ સિવાય દર્દીને શરીરના નાજુક ભાગે અન્ય કોઇ ઈજાઓ જોવા મળેલ નહી.

૯.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨ ડૉ.જાગૃત છાયા ને આંક–૩૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૦૫ થી એમ.એસ. ઓર્થોપેડીક સર્જન તરીકે પ્રેક્ટિસ કરે છે અને બોટાદ મુકામે છાયા હોસ્પિટલ ચલાવે છે. ગઇ તા.૨૧–૦૬–૨૦૨૦ ના રાત્રીના ૧૧:૫૫ વાગ્યાના સુમારે દર્દી ચંદ્રકાંતભાઇ બોટાદ સોનાવાલા હોસ્પિટલ ખાતેથી રીફર નોટ સાથે આવેલાં. જેથી દર્દી અને તેમના સગાઓને ઇતિહાસ પુછતાં તેમણે જણાવેલ કે, તા.૨૧–૦૬–૨૦૨૦ ના રોજ સાંજના ૦૬:૪૫ વાગ્યાના સુમારે મોજે મહાજનની વાડી હિફલી ખાતે તેમના ઉપર કલ્યાણભાઇ ભીખાભાઇ ખાંધલા, જગદીશભાઇ ભીખાભાઇ ખાંધલા, દિનેશભાઇ ભીખાભાઇ ખાંધલા, તથા મુન્નાભાઇ નરસિંહભાઇ ખાંધલા નાઓએ પાઇપ વડે હુમલો કરેલો. જે હુમલામાં દર્દીને નીચે મુજબની ઈજાઓ થયેલી.

ઈજા નં. ૧ – જમણા પગના ઘુંટીના ઉપરના હાડકામાં ફ્રેક્ચર હતું.
ઈજા નં. ૨ – જમણા સાથળના ભાગે ૪ x ૧ સે.મી.નું ચકામુ હતું.
ઈજા નં. ૩ – ડાબા ઢીંચણ ઉપર ૩ x ૧ સે.મી.નું ચકામુ હતું.
ઈજા નં. ૪ – ડાબા હાથના કાંડા ઉપર ૧ x ૧ સે.મી.નો છોલાયેલો ઘા હતો.
ઈજા નં. ૫ – માથાના ભાગે ૪ x ૧ સે.મી. નો ઘા હતો.

જેની પ્રાથમિક સારવાર દર્દીએ સોનાવાલા હોસ્પિટલ ખાતે લીધેલી અને ત્યાં તેમને માથાના ઘાના ટાંકા લેવામાં આવેલ તથા ડ્રેસીંગ કરવામાં આવેલ. દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપેલી. તેમને જમણા પગના ઘુંટીના ઉપરના ભાગે ફ્રેક્ચર હતું. જેથી તે માટેનો પ્લાસ્ટરનો પાટો બાંધેલો હતો. દર્દીની ઈજા તાજી હતી અને આ ઈજા સખત તથા બોથડ પદાર્થ તેમજ હિસ્ટ્રીમાં જણાવેલ લોખંડના

પાઇપ જેવા હથિયાર વડે થઇ શકે તેવા પ્રકારની હતી. આ ઇજા ગંભીર પ્રકારની હતી પરંતુ જીવલેણ ન હતી. ડૉ.સાહેદના અભિપ્રાય મુજબ તે ઇજામાં જો કોઇપણ પ્રકારની અડચણ ન થાય તો તે ૦૨ માસમાં સાજી થઇ શકે તેવા પ્રકારની હતી. ડૉ.સાહેદે દર્દીને જાતે તપાસી સારવાર આપેલી. જે બાબતે દર્દીનું એમ.એલ.સી. રીફર નોટ આ કામે **આંક—૩૯** થી રજુ કરેલ છે.

તેમજ આ દર્દીને તેમણે સારવાર આપેલી હોય ઓ.પી.ડી. કેસ તેમણે પોતાના સ્વ હસ્તાક્ષરમાં લખેલો. જેનો એમ.એલ.સી. નં. ૯૧૮ આધારે લેટર પેડ ઉપર આવેલ સારવાર સર્ટીફીકેટ આ કામે **આંક—૪૦** થી રજુ કરેલ છે. દર્દીના પગનો એક્ષ—રે કરાવેલ જેની અસલ પ્રિન્ટ દર્દીને આપેલી. જેની ડીજીટલ એક્ષ—રે પેપરની પ્રિન્ટ આ કામે **આંક—૪૧** થી રજુ કરેલ છે.

—> બચાવપક્ષે સદરહુ **ડૉ.સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, દર્દી તેમની પાસે સારવાર માટે આવેલ ત્યારે તે સંપૂર્ણ સભાન હતાં. પોલીસ યાદી વગર તેઓ આવેલાં. આ દર્દીએ હિસ્ટ્રીમાં જે ચાર આરોપીઓના નામ લખાવેલા તેમાં ચોક્કસ કયા આરોપીએ દર્દીને શરીરના કયા ભાગે ઇજા કરેલી તે લખાવેલ નથી. દર્દીને જે ઇજા થયેલી છે તે પડી જવાથી અને સખત અને બોથડ પદાર્થ જોડે અથડાય તો પણ થઇ શકે છે. તેમજ દર્દીને જે ફ્રેક્ચર થયું હતું તેની સારવાર કરેલી, જે જીવલેણ ઇજા ન હતી.

**<u>ફરિયાદીનો પુરાવોઃ—</u>**

**૧૦.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ ચંદ્રકાંતભાઇ જયંતિભાઇ પરમાર ને આંક—૬૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોક્કસ તારીખ તેમને યાદ નથી. બનાવ સને—૨૦૨૦ માં બનેલો. સાંજના ૦૭:૦૦ વાગ્યાના સુમારે બોટાદ મહાજનની વાડી યોગી પેલેસમાં આવેલ વિનુભાઇ ઉગામેડી વાળાના કારખાનેથી ઘરે જવા માટે તેઓ તથા સુરેશભાઇ ભરવાડ નીકળેલ અને ક્રિષ્ના કારખાનેથી આગળ ચાર રસ્તા પાસે પહોંચતા આ કામના આરોપીઓ કલ્યાણભાઇ ભીખાભાઇ ખાંદળા, જગદિશભાઇ ભીખાભાઇ ખાંદળા, દિનેશભાઇ ભીખાભાઇ ખાંદળા, તથા મુન્નાભાઇ નરશીભાઇ ખાંદળા નાઓ લોખંડની પાઇપો સાથે આવેલાં અને ફરિયાદીને ગાળો આપેલી. જેથી ફરિયાદીએ ગાળો દેવાની ના પાડતા આ ચારેય આરોપીઓ પાઇપો વડે ફરિયાદીને મારવા લાગેલ. ફરિયાદીને માથામાં, બંને પગે અને હાથે માર મારતા તેઓ નીચે પડી

ગયેલ. તે વખતે સુરેશભાઇ ભરવાડ, ભરતભાઇ લાઠીદડ, લાલાભાઇ લાઠીદડ વિગેરે લોકો આવી જતા ફરિયાદીને વધુ માર માંથી છોડાવેલ. તેમજ આ ચારેય આરોપીઓએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપેલી.

ત્યારબાદ ફરિયાદીને સુરેશભાઇની મોટરસાયકલ ઉપર બેસાડી સોનાવાલા દવાખાને લઇ ગયેલ, જ્યાં તેમને માથામાં ટાંકા લીધેલ અને વધુ સારવાર માટે છાયા હોસ્પિટલમાં લઇ ગયેલ. બનાવના કારણ બાબતે આરોપી કલ્યાણભાઇની પત્નીના છુટાછેડા થયેલ હોય અને તેનો ફરિયાદી ઉપર ખોટો આરોપ નાખી ફરિયાદીને ગાળો આપી હથિયારો વડે માર મારેલ. જે બાબતે તેમણે હાલની ફરિયાદ આપેલી. જે ફરિયાદ તેમને બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક-૬૧** થી રજુ કરેલ છે.

છાયા દવાખાને તેમને જમણા પગે ફ્રેક્ચર થયેલ હોય તે ફ્રેકચરની સારવાર કરેલી. ફરિયાદીને મુદ્દામાલ હથિયાર પાઇપો બતાવતાં ફરિયાદી તેને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે અને આરોપીઓએ આ પાઇપ વડે તેમને માર મારેલ હોવાનું જણાવે છે.

-> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, તેઓ હાલ ઢાંકણીયાના કાળુભાઇ હિરાના કારખાનામાં મેનેજર તરીકે કામગીરી કરતા હતાં. તેમણે સ્વીકારેલ છે કે, તે સમયે જીતુભાઇના કારખાને આરોપી કલ્યાણભાઇ, કલ્યાણભાઇના પત્ની રૂપલબેન અને કલ્યાણભાઇના ભાઇ હિરા ઘસવા માટે આવતા હતાં. બનાવ બનેલ તે પહેલાથી ફરિયાદી આરોપીઓને ઓળખતા હતા. હાલના બનાવ પહેલા કલ્યાણભાઇને તેમની પત્ની રૂપલબેન સાથે છુટાછેડા થઇ ગયેલાં. ફરિયાદી અને રૂપલબેનને પ્રેમ સબંધ હતો. રૂપલબેનના છુટાછેડા થયા બાદ ફરિયાદી અને રૂપલબેન લીવ-ઇન કરારથી દોઢ વર્ષ સાથે રહેલાં. દોઢ વર્ષ બાદ તેઓ અને રૂપલબેન અલગ પડી ગયેલ.

વધુમાં, "મહાજનની વાડી યોગી પેલેસમાં આવેલ વિનુભાઇ ઉગામેડી વાળાના કારખાનેથી ઘરે જવા માટે હું તથા સુરેશભાઇ ભરવાડ નીકળેલ" તેવા ચોક્કસ શબ્દો ફરિયાદમાં લખાવેલ નથી. બનાવ સમયે તેઓ વિનુભાઇ ઉગામેડીના કારખાને મેનેજર/હિરાઘસવાનું કામ કરતો હોય તેવો આધાર પુરાવો ફરિયાદ સાથે રજુ રાખેલ નથી. ક્રિષ્ના ચાર રસ્તે મેદાન આવેલ છે. તેમણે વધુમાં

સ્વીકારેલ છે કે, કારખાનામાં ૦૭:૦૦ વાગ્યે રજા પડતી હોય ત્યારે આ ચાર રસ્તે માણસોની સતત અવર–જવર રહેતી હોય છે. આગળ રહેણાંકી મકાનો હોય માણસોની અવર જવર એટલી બધી ન હતી. તેમણે પોતાની ફરિયાદમાં જે મુદ્દામાલ ઓળખી બતાવેલ છે તે પાઇપની લંબાઇ અને જાડાઇ કેટલી હતી તે હકીકત જણાવેલ નથી. આ કામના ક્યા આરોપીએ તેમને શરીરના ક્યા ભાગે ઈજા કરેલ તેવી હકીકત પણ તેમણે પોતાની ફરિયાદમાં જણાવેલ નથી. તેઓ દવાખાને સારવાર લેવા માટે આશરે ૦૭:૩૦ વાગ્યે ગયેલ. સોનાવાલા દવાખાને તેઓ રોકાયેલ નહી. માથે ટાંકા લીધા બાદ છાયા હોસ્પિટલ ગયેલ. સોનાવાલા દવાખાને તેમની સાથે સુરેશભાઇ ભરવાડ હતાં. ત્યારબાદ તેમના પિતાને ફોન કરતા તેઓ આવેલાં. સોનાવાલા દવાખાને ડોક્ટરને બનાવની વાત તેમના પિતાએ કરેલી. તેમણે બોલીને ફરિયાદ આપેલી લખીને આપેલી નહી. આ ફરિયાદ આપેલ ત્યારે ત્યા કોઈ હાજર ન હતું. ફરિયાદ તેમણે વાંચેલ નહી કે તેમને ફરિયાદ વાંચી સંભળાવેલ નથી.

ફરિયાદ આપ્યા બાદ તેમને પોલીસને મળવાનું બનેલ નથી. પોલીસે તેમના ઘરે આવી તેમની કોઇ પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. તેમણે છાયા હોસ્પિટલે સારવાર લીધેલ હોય તે અંગેના કાગળો પોલીસને આપેલ નથી કે આપવાના કોઈ પ્રયત્નો કરેલ નથી. સુરેશભાઇ ભરવાડ, લાલાભાઇ લાઠીદડ અને ભરતભાઇ લાઠીદડ સાથે તેમને સારા સંબંધો છે. તેઓ હાલ પણ બોટાદ ખાતે રહે છે અને મેનેજર તરીકે કામકાજ કરે છે. કહેવાતી ફરિયાદ આપેલ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ અન્ય કોઈ ફરિયાદ કે અરજી આપેલ નથી. બનાવ સમયે તેમના કપડા લોહીવાળા થયેલાં પરંતુ તે કપડા પોલીસને આપેલ નથી.

<u>**પંચસાહેદોના પુરાવાઓઃ–**</u>

**૧૧.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૪ પંચ** મુન્નાભાઇ નરસીંહભાઇ ખાંદલા ને આંક–૬૩ થી તથા **સાહેદ નં. ૫ પંચ** નટુભાઈ નાનુભાઈ ખાંદળા ને આંક–૬૫ થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેમાં તેઓને પંચનામા બાબતે પુછતાં તેઓને કાંઇ ખબર ન હોવાનું જણાવેલ છે. આ પંચસાહેદોને આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક–૬૪** થી રજુ કરેલ છે.

સદરહુ પંચસાહેદોએ તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં તમામ પંચસાહેદોએ તેમના પંચનામા અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

જ્યારે બચાવપક્ષે સદરહુ પંચસાહેદો પૈકી કોઇની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૧૧.૧)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૦ પંચ** રાજુભાઇ કાનજીભાઇ સુતરીયા ને આંક–૮૨ થી તથા **સાહેદ નં. ૧૧ પંચ** હિતેશભાઇ ભુપતભાઇ પરમાર ને આંક–૮૩ થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેમાં તેઓને પંચનામા બાબતે પુછતાં તેઓને કાંઇ ખબર ન હોવાનું જણાવેલ છે. આ પંચસાહેદોને આંક–૭૪ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદરહુ પંચસાહેદોએ તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં તમામ પંચસાહેદોએ તેમના પંચનામા અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

જ્યારે બચાવપક્ષે સદરહુ પંચસાહેદો પૈકી કોઇની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**<u>સાહેદોના પુરાવાઓઃ–</u>**

**૧૨.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૬** સુરેશભાઇ ભનાભાઇ મીર ને આંક–૬૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓને બનાવ બાબતે પુછતાં તેઓને કાંઇ ખબર ન હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે.

સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં

આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે ફરિયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

-> બચાવપક્ષે સદરહુ સાહેદની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૧૩.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭** જયેશભાઇ જયંતિભાઇ સુતરીયાને આંક-૭૦ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોક્કસ તારીખની તેમને ખબર નથી. બનાવ આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો. બનાવ સાંજના ૦૭:૦૦ વાગ્યાના સુમારે બનેલો. જેમાં બોટાદ મહાજનની વાડી હિરાના કારખાના પાસે તેઓ જતા હતા ત્યારે તેમના કારખાનામાં અગાઉ કામ કરતા સંજયભાઇ ત્યાં હાજર હતાં. જેઓ બેસેલ હતાં અને તેમને વાગેલ હતું. જેથી તેમને સબીહા દવાખાને લઇ ગયેલ. શું બનાવ બનેલ તે બાબતે તેણે કાંઇ જણાવેલ નથી. આ સમયે સંજયભાઇ સિવાય અન્ય કોઇ હાજર ન હતું.

સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ જેમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવ ક્રિષ્ણા નામના હિરાના કારખાના આગળ ચાર રસ્તા પડે છે ત્યાં બનેલો.

જ્યારે સાહેદને ત્યાં સંજયભાઇ પરમાર નહી પરંતુ ચંદ્રકાંતભાઇ જયંતીભાઇ પરમાર અને સુરેશભાઇ ભનાભાઇ મીર હતાં તે બાબતેનો સવાલ પુછતાં તેના જવાબમાં તેમણે -જેના સાચા નામની તેમને ખબર નથી અને તેને સંજયભાઇ કહીએ છીએ અને ત્યાં સુરાભાઇ પણ હતાં અને સુરાભાઇની ગાડીમાં જ દવાખાને મોકલેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, *ચંદ્રકાંતભાઇને કલ્યાણભાઇ ભીખાભાઇ, જગદિશભાઇ ભીખાભાઇ, દિનેશભાઇ ભીખાભાઇ તથા મુન્નાભાઇ નરશીભાઇએ ગાળો આપી લોખંડના પાઇપ વડે આડેધડ મારતાં તેઓ ભરતભાઇ અને સુરેશભાઇ ભનાભાઇ વચ્ચે પડી છોડાવેલા તેની સાહેદને ખબર નથી.* ચંદ્રકાંતભાઇને લોહી નીકળતુ હતુ તે સાહેદે જોયેલું. સ્પેલેન્ડર મોટરસાયકલ પાછળ હાથ પકડી દવાખાને લઇ જવા માટે બેસાડેલાં. સાહેદ દવાખાને ગયેલ નથી. આ બાબતે ફરિયાદ થતાં પોલીસે તેમની પુછપરછ કરેલી.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે સ્વીકારેલ છે કે, મહાજનની વાડીમાં ઘણા બધા હિરાના કારખાના આવેલાં છે. સાંજના સમયે હિરામાં રજા પડતાં વાહનો લઇને તેમજ ચાલીને હિરાવાળાની અવર જવર ચાલુ હોય છે. સંજયભાઇને કોઇ માર મારતુ હોય તેવું તેમણે નજરે જોયેલ નથી. સંજયભાઇએ તેમને કેવી રીતે ઇજા થયેલ તે બાબતે સાહેદને કોઇ વાત જણાવેલી નહી. બનાવના બીજા દિવસે સાહેદે જે જગ્યાએ ગાડીમાં બેસાડેલ ત્યાં પોલીસે તેમની પુછપરછ કરેલી. બીજા દિવસે પુછપરછ કરેલ ત્યારે તેઓ તથા ભરતભાઇ અને સુરાભાઇ હતાં, જેમાં પોલીસે તેઓના નામ–સરનામા પુછેલ, તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહી. ત્યારબાદ પોલીસ જતી રહેલી.

**૧૪.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮** ભરતભાઇ દયાળભાઇ ભુંગાણી ને આંક–૭૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. બોટાદ મહાજનની વાડી પાસે સંજયભાઇને કોઇક મારીને જતા રહેલ, અને તેમને પગમાં વાગેલ હશે. એક ગાડીમાં તેમને સોનાવાલા દવાખાને લઇ ગયેલ. સાહેદ પોતાની ગાડી લઇને સોનાવાલા દવાખાને સાથે ગયેલ. કોણે મારેલ તે સાહેદે જોયેલ નહી. માનવતા ખાતર સાહેદ તેમને દવાખાને લઇ ગયેલ.

–> બચાવપક્ષે સદરહુ સાહેદની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>**

**૧૫.)** ફરિયાદપક્ષે આ કામે તપાસ કરનાર અધિકારી **સાહેદ નં. ૯ કિસ્મતભાઇ ઘુઘાભાઇ કુકડીયા ને આંક–૭૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બોટાદ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૮૯૮/૨૦, તા.૨૧–૦૬–૨૦૨૦ ના રોજ ફરિયાદી ચંદ્રકાંતભાઇની ફરિયાદ વી.પી.ગોહિલ નાઓએ લઇ, તેની આગળની તપાસ સાહેદને સોંપતા, સાહેદે તપાસ સંભાળેલી. સાહેદને આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવતાં તે પંચોના લખાવ્યા મુજબનું લખી લઇ તેમાં સાહેદની હાજરીમાં પંચોની સહીઓ લીધેલ હોવાનું જણાવેલ છે. જે આ કામે **આંક–૭૪** થી રજુ કરેલ છે. ત્યારબાદ જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, ભોગબનનારનું સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે સર્ટીફીકેટ આ કામે

**આંક–૭૫** થી રજુ કરેલ છે. તેમજ આ કામે બનાવ સમયે અમલમાં રહેલ હથિયારબંધીનું જાહેરનામુ મેળવેલ. જેની ખરી નકલ આ કામે **આંક–૭૬** થી રજુ કરેલ છે.

ત્યારબાદ આ કામે નામદાર અદાલતમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫ નો ઉમેરો કરવા અંગેનો રીપોર્ટ આવેલો. સાહેદને આંક–૬૪ થી રજુ થયેલ આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ બતાવતાં તે પંચોના લખાવ્યા મુજબનું લખી લઇ આરોપીઓએ ગુનામાં વાપરેલ હથિયારો સાથે તેઓની અટક કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે સ્વીકારેલ છે કે, આ કામે તેમને તપાસ મળતાં તેમણે ફરિયાદ વાંચેલી. આરોપીએ ધારદાર અને તિક્ષ્ણ હથિયારથી ઈજા કરેલ હોય તેવું ફરિયાદમાં જણાવેલ નથી. તપાસના કામે ફરિયાદીનું કોઇ વિશેષ નિવેદન લીધેલ નથી. વધુમાં, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં ક્યા આરોપીએ શરીરના ચોક્કસ ક્યા ભાગ ઉપર ઈજા કરેલ તેવી કોઈ હકીકત જણાવેલી નથી. આ કામે બંને દવાખાનેથી સારવાર લીધેલી અને તેના સારવાર સર્ટીફીકેટ મેળવેલાં. જે બંને સારવાર સર્ટીફીકેટોમાં શું ઈજાઓ છે તે જોયેલી. સારવાર સર્ટીફીકેટ મુજબ દર્દીને ફ્રેક્ચરની ઈજા હતી. કલમ–૩૨૫ ના ઉમેરા માટે કાર્યવાહી કરેલી પરંતુ કલમ–૩૨૬ ના ઉમેરા માટે નામદાર અદાલતમાં કોઇ કાર્યવાહી કરેલ નથી.

વધુમાં, બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે. જ્યાં આસપાસ અન્ય દુકાનો અને કારખાનાઓ પણ આવેલા છે. જે આસપાસની દુકાનવાળા કે કારખાના વાળાઓના કોઈ નિવેદનો હાલના કામે લીધેલ નથી. બનાવવાળી જગ્યાએ સાંજના સમયે ઘણા બધા હિરાવાળા અને અન્ય ઘણા વાહનોની અવરજવર ચાલુ હોય છે. ફરિયાદી કાળુભાઇ ઢાંકણીયાના કારખાને કામ કરતા હોય કાળુભાઈનું નિવેદન પણ આ કામે લીધેલ નથી. તેમજ ગુનાને લગતી અન્ય કોઇ ચીજવસ્તુ બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ નથી. તેમની સંપુર્ણ તપાસ દરમ્યાન આ કામના ફરિયાદીએ છાયા હોસ્પિટલમાંથી સારવાર લીધેલ હોય તેવું જણાવેલ નથી, તેમજ છાયા હોસ્પિટલમાંથી સારવાર લીધા અંગેના કોઈ સર્ટીફીકેટ પણ આ કામે રજુ રાખેલ નથી. આ કામની ગુનાવાળી જગ્યાએથી લોહી નીકળેલાના નિશાનો જોવા

મળેલ નથી. તેમજ ફરિયાદી કાળુભાઇના કારખાને મેનેજર તરીકે કામ કરતા હોય તેવો કોઇ આધાર તેમને મળેલ નથી. તપાસ દરમ્યાન ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ અન્ય કોઇ અરજી કરેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીનું નામ ચંદ્રકાંતભાઇ ઉર્ફે સંજયભાઇ હોય તેવું પણ તેમની તપાસમાં ખુલેલ નથી.

**<u>સરકારી સાહેદનો પુરાવોઃ–</u>**

**૧૬.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૨ વિપુલભાઇ ગોવિંદભાઇ માધવાચાર્ય ને આંક–૮૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બોટાદ કલેક્ટર કચેરી ખાતે ડી.એમ. શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે. તેમની કચેરીમાંથી જે કાંઇ જાહેરનામા આવે તે ટેબલ ઉપર તેઓ કામ કરે છે. તેમની ફરજમાં જે કોઇ જાહેરનામા પ્રસિધ્ધ થાય તેની પ્રસિધ્ધિ માટે જે તે ઓફીસમાં જાહેરનામા દર્શાવેલ સ્થળોએ મોકલી આપવામાં આવે છે. સાહેદને આંક–૭૩ થી રજુ થયેલ જાહેરનામુ બતાવતાં તે તા.૦૭–૦૬–૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ તા.૦૯–૦૬–૨૦૨૦ થી તા.૦૮–૦૭–૨૦૨૦ બંને દિવસો સહિત અમલમાં રહેલ હથિયાર બંધીનું જાહેરનામુ છે અને તેમાં નીચે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની સહી તેઓ ઓળખી બતાવે છે.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે સ્વીકારેલ છે કે, જાહેરનામાની પ્રસિધ્ધિ સારૂ મોકલવામાં આવેલ જે તે કચેરીએ શું કાર્યવાહી કરેલ તે તેઓ કહી શકે તેમ નથી. આ જાહેરનામામાં તેની બજવણી દાંડીપીટીને જાહેર કરવું તેવી હકીકત લખેલ નથી.

**–: <u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**૧૭.)** આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો આક્ષેપિત ગુનો છે જેની જોગવાઇ નીચે મુજબ છે.

**<u>કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ</u>**

જે કોઇ વ્યક્તિ સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. જેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**<u>આવશ્યક તત્વોઃ</u>**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

(૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

**૧૭.૧)** આંક–૬૦ થી રજુ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે તેઓ સાંજના સાતેક વાગ્યાના સુમારે કારખાનેથી ઘરે જતા હતા ત્યારે ક્રિષ્ણા કારખાનાથી આગળ આરોપીઓએ તેઓને ગાળો બોલી પાઇપ વડે માથામાં બંને પગે તથા હાથે માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. આ બનાવ આરોપી નં. ૧ કલ્યાણભાઈની પત્નીના છુટાછેડા થયેલ હોય જે ફરિયાદીના કારણે થયેલ તે કારણસર ફરિયાદીને માર મારેલ. જ્યારે ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં ફરિયાદીએ અગાઉ જીતુભાઇના કારખાને કામ કરતા હતાં ત્યાં કલ્યાણભાઈ અને તેમના પત્ની રૂપલબેન અને તેમના ભાઈ હિરા ઘસવા આવતાં હતાં અને તેઓને રૂપલબેન સાથે પ્રેમસંબંધ હતો. તેમજ રૂપલબેનના છુટાછેડા બાદ તેઓ રૂપલબેન સાથે લીવ–ઈન કરારથી દોઢ વર્ષ સાથે રહેલાં અને ત્યારબાદ અલગ પડી ગયેલ. તેઓએ કોર્ટ રૂબરૂ ઓળખેલ મુદ્દામાલ પાઈપની લંબાઈ–જાડાઈની હકીકત ફરિયાદમાં જણાવેલ નથી. તેમજ ક્યા આરોપીએ શરીરના ક્યા ભાગે ઇજા કરેલી તે હકીકત પણ ફરિયાદમાં જણાવેલ નથી. સોનાવાલા દવાખાને બનાવની વાત તેમના પિતાએ કરેલી. છાયા હોસ્પીટલમાં સારવાર લીધેલ તેના કાગળો પોલીસને આપેલા નહી. બનાવ સમયે તેમના કપડા લોહીવાળા થયેલાં તે પોલીસને આપેલાં નથી.

જે ધ્યાને લેતાં ફરિયાદીને ચારેય આરોપીઓ પાઈપ વડે માર મારતા હોય જેથી ક્યા આરોપીએ ફરિયાદીને શરીરના ક્યા ભાગે પાઇપ મારી ઈજા કરેલી તે હકીકત ફરિયાદી જણાવી શકેલ નથી. સામાન્ય સંજોગોમાં કોઇ એક વ્યક્તિને આ રીતે ચાર જણાં લાકડી કે પાઇપ જેવા હથિયારથી એકી સાથે માર મારતા હોય તેવા સંજોગોમાં ચોક્કસ કઇ વ્યક્તિ શરીરના ક્યા ભાગે ઈજા પહોંચાડે છે તે કહી શકાય નહી, તેમજ આવા સમયમાં ઈજાપામનાર વ્યક્તિ પોતાને બચાવવા પહેલો પ્રયત્ન કરે અને તે કારણસર ચોક્કસ ક્યા આરોપીએ શરીરના ક્યા ભાગે ઈજા પહોંચાડી તે જણાવી શકે નહી. હાલના કેસમાં ફરિયાદી તથા આરોપીઓની બનાવ સમયે હાજરી, આરોપીઓના હાથમાં પાઇપ હતી. તેમજ તે પાઈપ વડે આરોપીઓએ ફરિયાદીને ઈજા પહોંચાડેલ તેનાથી કોઈ વિપરીત હકીકત બચાવ પક્ષ ફરિયાદીની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવી શકેલ

નથી.

**૧૭.૨)** આ કામે આંક–૨૬ થી રજુ તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં બનાવ તા.૨૧–૦૬–૨૦૨૦ ના સાંજના ૦૭:૩૦ કલાકે ફરિયાદી ચંદ્રકાંત જયંતીભાઇને સારવાર માટે તેમના પિતા લાવેલાં. તેમજ ડૉક્ટરે ઈજા પામનારનો ઈતિહાસ પુછતાં ફરિયાદી ચંદ્રકાંતભાઇએ આ ચારેય આરોપીઓ પાઈપ લઈ આવી બોટાદ મુકામે મહાજનની વાડી પાસે પાઈપ વડે માર મારેલો અને કલ્યાણભાઈની પત્ની સાથે છુટાછેટા થયેલાની દાઝ રાખી માર મારેલો. તેમજ ફરિયાદીને માથાના આગળના અને બાજુના ભાગે કપાયેલો છુંદાયેલો ભાગ ચકામાવાળો ૬ x ૦.૫ સે.મી. હાડકા સુધીની ઉંડાઈનો લોહી નીકળતો ઘા હતો. તથા જમણા સાથળના આગળના નીચેના ૧/૩ ભાગમાં ૮ x ૩ સે.મી. નું લાલ કલરનું તાજુ ચકામુ હતું. તેમજ જમણા પગના નીચેના ૧/૩ ભાગમાં ૭ x ૩ સે.મી.નું લાલ કલરનું તાજુ ચકામુ હતું. તેમજ ડાબા સાથળના આગળના નીચેના ભાગે ૧/૩ ભાગમાં ૨.૫ x ૨.૫ સે.મી. નો ઉઝરડો હતો, જેમાંથી લોહી નીકળતુ હતું અને તે તાજી લાલ કલરની ઈજા હતી. તેમજ ડાબા હાથના પંજાના પાછળના ભાગે સોજો અને દુઃખાવો હતો.

વધુમાં, જમણા પગનો એક્ષ–રે કઢાવતાં બહારના મોટા લાંબા હાડકામાં ફ્રેક્ચર હતું. જે તમામ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ જે પાઈપ જેવા હથિયારથી થઈ શકે તેવા પ્રકારની હતી. તેમજ ફ્રેક્ચરની ઈજા ગંભીર તથા બાકીની ઈજાઓ સાદા પ્રકારની હતી. જ્યારે તબીબી અધિકારીશ્રીની ઉલટતપાસ ધ્યાને લેતાં કોઈ વ્યક્તિ ઉપર અચાનક ઘણી વ્યક્તિ હુમલો કરે તો તેનું લોહીનું દબાણ (બી.પી.) ઉંચુ કે નીચું થઈ શકે છે, જ્યારે હાલના દર્દીનું લોહીનું દબાણ તથા શરીરનું તાપમાન અને હૃદયના ધબકારાના સામાન્ય હતાં. તેમજ દર્દીને થયેલ ઈજાઓ કાયમી ખોડ રહી જાય તેવા પ્રકારની ન હતી. તેમજ કોઈ વ્યક્તિ મોટરસાયકલ ઉપરથી પડી જાય તો આ પ્રકારની ઈજા સંભવી શકે છે. પરંતુ બચાવપક્ષે આ બચાવ ફરિયાદીની ઉલટતપાસમાં લીધેલ ન હોય જેથી આ બચાવ ધ્યાને લઈ શકાય નહી. તેમજ ફ્રેક્ચર સિવાયની ઈજામાં કોઈ અડચણ ન હોય તો તેમાં રીકવરી થતાં ૧૦–૧૨ દિવસનો સમય લાગી શકે.

**૧૭.૩)** વધુમાં, આંક–૩૮ થી છાયા હોસ્પીટલના તબીબી અધિકારીનો પુરાવો ધ્યાને લેતાં, દર્દી ચંદ્રકાંતભાઈ ગઈ તા.૨૧–૦૬–૨૦૨૦ ના રોજ

રાત્રીના ૧૧:૫૫ કલાકે સોનાવાલા હોસ્પીટલની રીફર નોટ સાથે આવેલાં અને તે જ દિવસે સાંજના સમયે બોટાદ મહાજનની વાડી પાસે આરોપીઓએ પાઇપ વડે તેમની ઉપર હુમલો કરેલાનું જણાવેલું. તેમજ દર્દીને જમણા પગના ઘુંટીના ઉપરના હાડકામાં ફ્રેક્ચર હતું અને જમણા સાથળના ભાગે ૪ x ૧ સે.મી.નું ચકામું તથા ડાબા ઢીંચણ ઉપર ૩ x ૧ સે.મી.નું ચકામુ, તેમજ ડાબા હાથના કાંડા ઉપર ૧ x ૧ સે.મી.નો છોલાયેલો ઘા, તેમજ માથાના ભાગે ૪ x ૧ સે.મી.ના ટાંકા લીધેલા હતાં. તેઓએ દર્દીની સારવાર કરેલી અને આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઇ શકે તેવા પ્રકારની હતી. સદર ઈજાઓ ગંભીર પ્રકારની હતી પરંતુ ગંભીર ન હતી અને તે બે માસમાં રીકવર થઇ શકે તેવી હતી. જે બાબતે તેઓએ સારવાર સર્ટીફીકેટ આપેલું.

આ તબીબી અધિકારીશ્રીની ઉલટતપાસ ધ્યાને લેતાં, દર્દીએ જે ચારેય આરોપીઓના નામ જણાવેલાં. તે ક્યા આરોપીએ શરીરના ક્યા ભાગે ઈજા થયેલી તે લખાવેલ નથી. તેમજ કોઇ વ્યક્તિ સખત અને બોથડ પદાર્થ સાથે અથડાય તો આવી ઈજાઓ સંભવી શકે તેમ છે.

જે ઉપરોક્ત ફરિયાદીના પુરાવા સાથે તબીબી અધિકારીના પુરાવાને મુલવતાં ફરિયાદીએ ફરિયાદ હકીકત તથા પુરાવામાં જણાવેલા આરોપીઓના નામ તબીબી અધિકારી રૂબરૂ જણાવેલ છે તેમજ મુદ્દામાલ હથિયારની વિગતો પણ તબીબી અધિકારી રૂબરૂ જણાવેલ છે અને દર્દીએ જે ઈજા બાબતે પુરાવો આપેલ છે તે ઈજાઓ જ તબીબી અધિકારીશ્રીએ પણ જણાવેલ છે અને તેનાથી કોઇ વિપરિત હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

જે ઉપરોક્ત ફરિયાદી તથા તબીબી અધિકારીનો પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે ફરિયાદી તથા આરોપીઓની બનાવ સ્થળે હાજરી તેમજ ચારેય આરોપીઓ પાસે લોખંડનો પાઇપ હતો અને તેનાથી તેઓએ ફરિયાદીને શરીરના ભાગે આડેધડ મારી ઈજાઓ પહોંચાડેલી. જે ફરિયાદીની ફરિયાદ હકીકત તથા તેની સાથે ફરિયાદીએ રજુ કરેલ પુરાવાની હકીકતને તબીબી અધિકારીશ્રીના પુરાવાથી સમર્થન મળેલ છે. તેમજ ઉપરોક્ત હકીકતનું બનાવ હકીકતથી ખંડન કરેલ નથી.

**૧૭.૪)** આંક–૬૩ અને આંક–૬૫ થી રજુ પંચસાહેદોના પુરાવાઓ ધ્યાને લેતાં તેઓએ આંક–૬૪ થી રજુ આરોપીઓની અટક તથા મુદ્દામાલ રીકવરીના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.

**૧૭.૫)** આંક–૬૮ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓને બનાવ વીશે કાંઈ ખબર નથી. આ સાહેદને વિમુખ જાહેર કરવા છતાં તેઓએ પોલીસ નિવેદનની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. જેથી આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**૧૭.૬)** આંક–૭૦ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે, બનાવ વખતે તેમના કારખાનામાં કામ કરતા સંજયભાઈને મહાજનની વાડી, હિરાના કારખાના પાસે બેસેલ જોયેલો અને ઈજા થયેલ હોય સબીહા દવાખાને લઈ ગયેલાં. આ સાહેદને વિમુખ જાહેર કર્યા બાદ તેઓ જણાવે છે કે, તેઓ સંજયભાઈને ઓળખે છે તેનું સાચુ નામ ચંદ્રકાંત હોય તેની તેમને ખબર નથી. તેમજ બનાવ વખતે તેઓના માથામાંથી લોહી નીકળતુ જોયેલું. જ્યારે સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં, સંજયભાઈને કોઈ માર મારતુ હોય તેવુ તેમણે નજરે જોયેલ નથી અને તેમને કેવી રીતે ઈજા થયેલી તેની તેમને ખબર નથી. પોલીસે તેમનું નામ–સરનામુ પુછેલું અને ત્યારબાદ પોલીસ જતી રહેલી. જે ધ્યાને લેતાં આ સાહેદના પુરાવાથી બનાવ વખતે ફરિયાદીને માથામાં ઈજા થયેલ હોય અને લોહી નીકળતુ હોય તેટલી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

**૧૭.૭)** આંક–૭૧ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં બનાવ વખતે બોટાદ મહાજનની વાડી પાસે સંજયભાઈને કોઈ મારીને જતા રહેલ. કોણે મારેલ તે તેમણે જોયેલ નહી. તેઓ તેમને ગાડીમાં સોનાવાલા દવાખાને લઈ ગયેલાં. જે ધ્યાને લેતાં આ સાહેદના પુરાવાથી આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૭.૮)** આંક–૮૨ અને આંક–૮૩ થી રજુ પંચસાહેદોના પુરાવાઓ ધ્યાને લેતાં તેઓએ આંક–૭૪ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.

**૧૭.૯)** આંક–૮૪ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની કચેરીમાં બહાર પાડવામાં આવેલ હથિયારબંધીનું જાહેરનામુ રજુ કરેલ છે. જ્યારે આ સાહેદની ઉલટતપાસ જોતાં જાહેરનામુ પ્રસિધ્ધિ માટે મોકલાવેલ તે ઓફીસ દ્વારા શું કાર્યવાહી કરેલી તે તેઓ કહી શકે તેમ નથી. તેમજ દાંડી પીટાવી જાહેર કરવાની હકીકત જાહેરનામામાં જણાવેલ નથી. જે આ સાહેદના પુરાવાથી બનાવ વખતે બનાવવાળી જગ્યાએ સદર જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોય તે અંગેનો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૧૭.૧૦)** આંક–૭૩ થી રજુ તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તપાસના કામે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ આરોપીઓની અટક તથા મુદ્દામાલ રીકવરી કર્યા અંગેનું પંચનામુ કરેલું અને ઈજાપામનારનું સારવાર સર્ટીફીકેટ તપાસના કામે સામેલ રાખી, સાહેદોના નિવેદનો નોંધી, હથિયારબંધીનું જાહેરનામુ મેળવી તપાસના કામે સામેલ રાખી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫ ઉમેરવાનો રીપોર્ટ નામદાર અદાલતમાં કરી ચાર્જશીટ રજુ રાખેલ. જ્યારે સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં, આરોપીએ ધારદાર અને તિક્ષણ હથિયારથી ઈજા કરેલ હોય તેવું ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદમાં ક્યા આરોપીએ શરીરના ચોક્કસ ક્યા ભાગ ઉપર ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેઓએ બંને દવાખાનેથી ફરિયાદીએ મેળવેલ સારવારના સર્ટીફીકેટો મેળવેલાં, જેમાં દર્દીને ફ્રેક્ચરની ઈજા હતી. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને તેની આસપાસ બીજી દુકાનો તથા કારખાનાઓ આવેલ છે. જેઓના નિવેદનો આ કામે લીધેલ નથી. બનાવ સાંજના સમયે બનેલ હોય ઘણા બધા હિરાવાળા અને વાહનોની અવરજવર ચાલુ હોય છે. તેઓએ તપાસ દરમ્યાન ફરિયાદીએ છાયા હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય તેવું જણાવેલ નથી કે તેનું સર્ટીફીકેટ હાલના કામે રજુ રાખેલ નથી. બનાવવાળી જગ્યાએ લોહી નીકળેલ હોય તેવા કોઈ નિશાન જોવા મળેલ નથી. ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ અન્ય કોઈ અરજી કરેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીનું નામ ચંદ્રકાંત ઉર્ફે સંજય હોય તેવું તપાસમાં ખુલેલ નથી.

**૧૭.૧૧)** આ કામે પંચ સાહેદોએ આંક–૬૩ અને આંક–૬૫ થી તેમના પુરાવામાં આંક–૬૪ વાળા આરોપીની અટક તથા મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાને પુરાવામાં સમર્થન કરેલ નથી પરંતુ આ કામે આંક–૭૩ થી રજુ

તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતાં તેઓએ પંચ સાહેદોની હાજરીમાં આંક–૬૪ વાળુ પંચનામુ કરેલાનું જણાવેલ છે. જે સદર સાહેદ સરકારી સાહેદ હોય તેઓએ તેમની ફરજના ભાગ રૂપે સદર પંચનામુ તેમની તથા પંચોની હાજરીમાં કરેલ છે. જે ધ્યાને લેતાં આંક–૬૪ વાળુ આરોપીઓની અટકનું પંચનામુ પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ નથી તે હકીકતને માની શકાય નહી.

**૧૭.૧૨)** આ કામે પંચ સાહેદોએ આંક–૮૨ અને આંક–૮૩ થી તેમના પુરાવામાં આંક–૭૪ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાને પુરાવામાં સમર્થન કરેલ નથી પરંતુ આ કામે આંક–૭૩ થી રજુ તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતાં તેઓએ પંચ સાહેદોની હાજરીમાં આંક–૭૪ વાળુ પંચનામુ કરેલાનું જણાવેલ છે. જે સદર સાહેદ સરકારી સાહેદ હોય તેઓએ તેમની ફરજના ભાગ રૂપે સદર પંચનામુ તેમની તથા પંચોની હાજરીમાં કરેલ છે. જે ધ્યાને લેતાં આંક–૭૪ વાળુ પંચનામુ પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ નથી તે હકીકતને માની શકાય નહી.

**૧૭.૧૩)** આરોપીઓ તરફે દલીલમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ તેના પુરાવાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, સોનાવાલા દવાખાને બનાવની વાત તેમના પિતાએ કરેલી. જેથી ફરિયાદીએ ડૉક્ટર સાથે કોઇ વાત કરેલ ન હોય હિસ્ટ્રી ફરિયાદ આપેલ હોય તે હકીકત માની શકાય નહી. તેમજ તપાસ કરનાર અધિકારીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરિયાદીએ છાયા હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય તેવું તપાસમાં ફરિયાદીએ જણાવેલ નથી કે તેનું સારવાર સર્ટીફીકેટ તપાસના કામે રજુ રાખેલ નથી. જેથી ફરિયાદીની ઉપરોક્ત હકીકત ઉપર આધાર રાખી શકાય નહી.

જે બાબતે કાયદાની પરિસ્થિતિ જોવામાં આવે તો, ઈજા પામેલ વ્યકિતની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી, સિવાય કે ભોગબનનાર વ્યકિત અને આરોપીઓ વચ્ચે એવી દુઃશ્મનાવટ હોય કે જેનાથી ઈજાપામનાર વ્યકિત આરોપીઓને ગુનામાં ખોટી રીતે સંડોવતી હોય. આરોપીઓએ તેઓની દુઃશ્મનાવટના કારણે તેને ખોટો રીતે સંડોવેલ છે તેવો કોઈ આધાર રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી અદાલતને બતાવવો જોઇએ. સિવાય કે કેસના સંજોગો એવા હોય જેથી આ અદાલત આરોપીઓની ખોટી સંડોવણી બાબતે સંમત થાય

અથવા તો, સાહેદની જુબાની રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી ન માનવાને કોઈ કારણ હોય.

જે બાબતે નીચે જણાવેલ નામદાર વડીઅદાલતના બે ચુકાદોઓને ધ્યાને લેતાં, તે Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat [1983 AIR 753]

> Discrepancies which do not go to the root of the matterand shake the basic version of the witnesses therefore cannot be annexed with undue importance. More so when the all important "probabilities- factor" echoes in favour of the version narrated by the witnesses. The reasons are:
>
> (1) By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen;
>
> (2) ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details;
>
> (3) The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another;
>
> (4) By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder;
>
> (5) In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends. On the 'time sense' of individuals which varies from person to person.

(6) ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up, when interrogated later on;

(7) A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination made by counsel and out of nervousness mix up facts; get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of moment. The subconscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish, or being disbelieved, though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him- Perhaps it is a sort of a psychological defence mechanism activated on the spur of the moment.

Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses therefore cannot be annexed with undue importance. More so when the all important "probabilities-factor" echoes in favour of the version narrated by the witnesses.

તેમજ અન્ય ચુકાદો –

**Arjun and others Vs. State of Rajasthan**
**[A.I.R. 1994 SC 2507]**

The Hon'ble Court has held that -
A little bit of discrepancies or improvement do not necessarily demolish the testimony. Trivial discrepancy, as is well known, should be ignored. Under circumstantial variety the usual character of human testimony is substantially true. Similarly,innocuous omission is inconsequential.

ઉપરોક્ત બંને ચુકાદાઓને માનસહ વંચાણે લેતાં, જે વિરોધાભાસ હોય તે મુળમાં અસર ન કરે તેવા પ્રકારનો હોય તો તે ધ્યાને લેવો જરૂરી નથી. જે બાબતે આંક–૬૦ થી રજુ ફરિયાદી ચંદ્રકાંતભાઇ જયંતિભાઇ પરમારે તેમના પુરાવામાં ચારેય આરોપીઓએ લોખંડની પાઇપ વડે તેમને

માથામાં, બંને પગે તથા હાથે માર મારેલાનું જણાવેલ છે. જે હકીકત ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ છે. જે બાબતે ફરિયાદીએ આંક–૨૬ તથા આંક–૩૮ વાળા તબીબ અધિકારી રૂબરૂ આરોપીઓના નામો જણાવેલાં છે. વધુમાં, ફરિયાદીએ જે હકીકત બોટાદ જનરલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસરને જણાવેલી જે આધારે તેઓનો પુરાવો આંક–૨૬ થી નોંધેલ છે. જેમાં ફરિયાદીને જમણા પગે હાડકાના ફ્રેક્ચરની ઈજા હોવાનું ખુલવા પામેલ છે. તે જ હકીકત ફરિયાદીએ છાયા હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મેડીકલ ઓફીસરને જણાવેલ હોય જેમનો પુરાવો આંક–૩૮ થી નોંધવામાં આવેલ છે અને ફરિયાદીને જમણા પગે ફ્રેક્ચર હોય તેની સારવાર મેળવેલાનું જણાય છે. આ કામે ચાર્જશીટ સાથે જનરલ હોસ્પિટલ બોટાદના સાહેદની હકીકત જણાવેલ છે પરંતુ છાયા હોસ્પિટલની કોઈ હકીકત જણાવેલ નથી. જે બાબતે ફરિયાદીએ જનરલ હોસ્પિટલ બોટાદમાં સારવાર મેળવ્યા બાદ વધુ સારવાર અર્થે છાયા હોસ્પિટલમાં દાખલ થયેલાનું ઉપરોક્ત ચર્ચા કરેલ કારણથી જણાય છે.

તેમજ ફરિયાદીએ જનરલ હોસ્પિટલમાં તા.૨૧–૦૬–૨૦૨૦ ના સાંજના ૦૭:૩૦ કલાકે જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાં અને તે જ દિવસે રાત્રીના ૧૧:૫૫ કલાકે છાયા હોસ્પિટલમાં સારવાર માટે ગયેલ હોય જે જોતાં ફરિયાદીના પુરાવા તથા મેડીકલ ઓફીસરના પુરાવામાં ફરિયાદીને થયેલ ઈજા અને સારવાર બાબતે કોઈ વિસંગતતા જણાતી નથી. વધુમાં, ફરિયાદીએ સારવાર કરાવેલ હોય જે બાબતે આંક–૨૭ અને આંક–૪૦ થી ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ રજુ કરેલ છે. તેમજ ફરિયાદીએ મેડીકલ ઓફિસર રૂબરૂ હિસ્ટ્રીમાં પણ આ હકીકત જણાવેલ છે. ઉપરોક્ત હકીકતનું ખંડન કરતો કોઈ પુરાવો આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી.

જે ધ્યાને લેતાં ઈજાપામનાર ફરિયાદીના પુરાવાને તબીબી અધિકારીના પુરાવાથી સમર્થન મળેલ છે. જે બાબતે આંક–૨૬ થી રજુ તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ બનાવના દિવસે દર્દી ચંદ્રકાંતભાઈને ઈતિહાસ પુછેલો અને બનાવની વિગત ફરિયાદીએ જ આપેલાનું જણાવેલ છે. તેમજ દર્દીને જ્યારે તપાસેલ ત્યારે તે સભાન અવસ્થામાં હતાં. તેમજ આંક–૨૭ થી રજુ સારવાર સર્ટીફીકેટમાં હિસ્ટ્રી દર્દીએ આપેલ નથી તેવું કાંઈ જણાવેલ નથી. વધુમાં, ફરિયાદીની ફરિયાદ તથા પુરાવો જોતાં બનાવ વખતે આરોપીઓ

હાજર હતાં અને આરોપીઓએ લોખંડના પાઇપ વડે ફરિયાદીને આડેધડ માર મારી, ઈજા પહોંચાડેલ છે તેનાથી કોઇ વિપરિત હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જે ધ્યાને લેતાં આ ફરિયાદીની ઈજાની ઉપરોક્ત હકીકતને તબીબીઅધિકારીના પુરાવાથી સમર્થન મળેલ છે.તેમજ તપાસ કરનાર અમલદારે આંક – ૬૪ ના પંચનામાની વિગતે લોખંડની પાઇપો આરોપીઓ પાસેથી રીકવર કરેલ છે. જેથી આરોપી તરફેની દલીલ કે બનાવની વિગત ફરિયાદીએ ડૉક્ટરને જણાવેલ ન હોય આરોપીઓને છોડી મુકવા જોઇએ તે માની શકાય નહી.

આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૬ મુજબનું તહોમત આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ છે. જે બાબતે તબીબી અધિકારીશ્રીનો પુરાવો જોતાં આંક–૨૬ વાળા તબીબી અધિકારીએ ફરિયાદીને થયેલ ઈજા નં. ૬ સિવાયની ઈજા ગંભીર ન હતી તેવું જણાવેલ છે. તેમજ આંક–૩૮ વાળા તબીબી અધિકારીએ તેમના પુરાવામાં દર્દીને થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી પરંતુ જીવલેણ ઈજા ન હતી તેવું જણાવેલ છે. જે ધ્યાને લેતાં દર્દીને પગના ભાગે ફ્રેક્ચર હતું જે બાબતે આંક–૩૮ વાળા તબીબી અધિકારીશ્રીએ આંક–૪૦ વાળું સર્ટીફીકેટ આપેલું. તેમજ આ ડૉ.સાહેદનો પુરાવો જોતાં દર્દીને થયેલ ફ્રેક્ચર બાબતે તેઓએ સારવાર આપેલી અને કોઇ અડચણ ન થાય તો તે બે માસમાં સારી થઇ શકે તેવા પ્રકારની ઈજા હતી. વધુમાં, દર્દીને ૧૫ દિવસ સુધી અંદરના દર્દી તરીકે દાખલ રાખી સારવાર આપેલ હોય તેવું આ સાહેદના પુરાવા જોતાં જણાતું નથી. તેમજ તેવી કોઇ હકીકત આ કામે રેકર્ડ ઉપર આવેલ નથી. જે ધ્યાને લેતાં સદર કામે આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૬ મુજબનો ગુનો કરેલ હોય તે લગતના આવશ્યક તત્વો આ કામે પરીપુર્ણ થયેલ નથી.

વધુમાં, ઉપરોક્ત ચર્ચા કરેલ કારણો ધ્યાને લેતાં આરોપીઓએ ભેગા મળી ફરિયાદીને લોખંડના પાઇપ વડે આડેધડ માર મારી, ફરિયાદીને માથાના ભાગે ડાબા હાથે પંજા પાસે, ડાબા અને જમણા સાથળ પાસે, માર મારી ઈજા કરેલ હોય તેમજ જમણા પગની ઘુંટીના ભાગે ફ્રેક્ચર જેવી ઈજા કરેલ હોય તે હકીકત નિઃશંકપણે પુરાવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં, ફરિયાદપક્ષના પુરાવાથી હાલના આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫ મુજબનો ગુનો કરેલ હોય તે હકીકત શંકા રહિત રેકર્ડ ઉપર આવેલ હોવાનું જણાય છે.

**<u>ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ અંગેનો પુરાવોઃ–</u>**

**૧૮.)** આ કામે આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનું તહોમત છે જે બાબતે આંક–૮૪ વાળા સાહેદ ધ્રારા રજુ આંક–૭૬ વાળુ હથિયારબંધીનું જાહેરનામુ ધ્યાને લેતાં, સદર જાહેરનામુ તા.૦૯–૦૬–૨૦૨૦ થી તા.૦૮–૦૭–૨૦૨૦ સુધીનું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ નાઓ ધ્રારા કરવામાં આવેલ હતું. હાલની ફરિયાદવાળો બનાવ તા.૨૧–૦૬–૨૦૨૦ ના રોજ બનેલાનું આંક–૬૧ થી રજુ ફરિયાદ જોતાં જણાય છે. સદર જાહેરનામુ બનાવ સમયે બનાવ સ્થળે પ્રસિધ્ધ કરેલ હોય તેવો કોઈ પુરાવો ઉપરોક્ત સાહેદે આ કામે રજુ કરેલ નથી. જે ધ્યાને લેતાં આંક–૭૬ થી રજુ હથિયારબંધીનું જાહેરનામુ બનાવ વખતે, બનાવ સમયે અમલમાં હોય તે હકીકત શંકારહિત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબના તત્વો પરીપુર્ણ થયેલ હોય તેવું જણાતું નથી.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો પુરાવોઃ–</u>**

**૧૯.)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદી/ઈજાપામનાર સાહેદનો પુરાવો જોતાં આરોપીઓ ગાળો બોલતા હતાં તેવું જણાવેલ છે પરંતુ ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં તથા ફરિયાદ અને સાહેદોના નિવેદનોમાં આરોપીઓએ કેવા પ્રકારની ગાળો બોલેલ તે હકીકત તેઓએ જણાવેલ નથી. તેમજ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં પણ આ હકીકત તેઓએ સ્વીકારેલ છે. વધુમાં, તપાસ કરનાર અમલદારે પણ તેમના પુરાવાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે. જે ધ્યાને લેતાં, આ કામે ગાળોના ચોક્કસ શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી.

આજ સંદર્ભે અત્રેની અદાલત **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત રાજ્ય**માં નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગાઉના ચુકાદો **૨૦૦૨(૧) જી.એલ.એચ.(UJ) ૪, મુનશફખાન ચાશીનખાન પઠાણ વિ. ગુજરાત રાજ્યનો ચુકાદો** રીફર કરવામાં આવેલ છે તે ચુકાદાના પારા–૧૧ માં ઠરાવેલ તે ઉપર આધાર રાખેલ છે.

> ...The words alleged to have been uttered by the petitioners in fact did not cause any alarm to the

> complainant right from the time they were alleged to have been uttered. There is no evidence worth the name to indicate that the complainant was not in a position to attend to his duties at any point of time after he lodged the complainant. Thus in the admitted facts and circumstances of the case, there is a clear error of law committed by the Courts below as noticed herein above....

આમ, નામદાર ગુજરાત વડીઅદાલતે એવું ઠરાવેલ છે કે, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલ તે શબ્દો રેકર્ડ ઉપર આવા જોઇએ પરંતુ તે શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી. જે ધ્યાને લેતાં જ્યારે ગાળોના ચોક્કસ શબ્દો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. જે ધ્યાને લેતાં, આરોપીઓ તરફેની દલીલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ કલમ–૫૦૪ મુજબનો ગુનો પુરવાર થયેલ નથી તે હકીકત માનવાને કારણ છે. જે પુરાવો તથા ઉપરોક્ત દર્શાવેલ ચુકાદો ધ્યાને લેતાં, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ થયેલ નથી.

<u>**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો પુરાવોઃ–**</u>

**૨૦.)** નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો **લૉઝ ૨૦૧૫(૪)૧૯, જીવણભાઇ દેવજીભાઇ ભોગાયતા વિ. મોહનભાઇ પુરૂષોતમ મોકરીયા બ્રાહમીન** ને જોવામાં આવે તો તેમાં પેરા–૧૨ માં એવું ઠરાવવામાં આવેલ છે કે,

> A bare perusal of section 506 of the I.P.C. makes it clear that a part of it relates to a criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant. Let me assume for the moment, what has been alleged in the complaint is true, even then, mere threats given the accused, not with an intention to cause alarm to the complainant, would not constitute an offence of criminal intimidation.

આ કામે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદીએ આંક–૬૦ ના પુરાવામાં આરોપીઓ બનાવ વખતે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ છે. તેમજ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં, બનાવ બાદ આરોપીઓ

તથા ફરિયાદી વચ્ચે કોઇ બીજો બનાવ બનેલ નથી. તેમજ બનાવ બાદ ફરિયાદી કોઇ ભયના ઓથા હેઠળ જીવતા હોય તેવું પુરાવાથી જણાતું નથી. તેમજ તેઓ પોતાનું રોજીંદુ કાર્ય કરી શકતા ન હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ ફરિયાદીની ઉલટતપાસમાં તેઓ હાલ બોટાદ મુકામે મેનેજર તરીકે કામ કરતા હોવાનું જણાવેલ છે. જે પુરાવો તથા ઉપરોક્ત દર્શાવેલ ચુકાદો ધ્યાને લેતાં, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો કોઇ પુરાવો પણ પુરાવામાં આવેલ નથી. જેથી ફરિયાદપક્ષને હાલના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) હેઠળનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ અંગેનો પુરાવોઃ–</u>**

**૨૧.)** ફરિયાદીની ફરિયાદ તથા ફરિયાદપક્ષના પુરાવાથી બનાવના દિવસે આરોપીઓએ ફરિયાદી મહાજનની વાડીમાં ક્રિષ્ના નામના હિરાના કારખાના આગળથી પસાર થતા હતા ત્યારે આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઇપ વડે માથામાં બંને પગે તથા હાથે માર મારી, પગે ફ્રેક્ચર કરેલ. જે ધ્યાને લેતાં બનાવ વખતે બનાવ સ્થળે તમામ આરોપીઓ હાજર હતાં તેમજ સદર ગુનો કરવામાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ મુજબના તત્વો પરીપુર્ણ થયેલ હોય ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ મુજબનો ગુનો શંકારહિત પુરવાર થયેલ છે.

**૨૨.)** રેકર્ડ ઉપર આવેલ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ આંક–૪૫ વાળુ તહોમતનામુ કે, આરોપીઓએ ફરિયાદી મહાજનની વાડીમાં ક્રિષ્ના નામના હિરાના કારખાના પાસે પહોંચતા આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઇપ વડે માથામાં બંને પગે તથા ડાબા હાથે માર મારી, પગે ફ્રેક્ચર કરેલ. જે ધ્યાને લેતાં બનાવ વખતે બનાવ સ્થળે તમામ આરોપીઓ હાજર હતાં તેમજ સદર ગુનો કરવામાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫ તથા ૧૧૪ મુજબનો ગુનો શંકારહિત પુરવાર થયેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

**૨૩.)** આ કામના આરોપી નં. (૧) કલ્યાણભાઇ ભીખાભાઇ ખાંદલા, (૨) જગદિશભાઇ ભીખાભાઇ ખાંદલા, (૩) બોઘાભાઇ ઉર્ફે દિનેશભાઇ ભીખાભાઇ ખાંદલા, તથા (૪) મુન્નાભાઇ નરસીંહભાઇ ખાંદલા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨૪.)** આ કામના આરોપી નં. (૧) કલ્યાણભાઇ ભીખાભાઇ ખાંદલા, (૨) જગદિશભાઇ ભીખાભાઇ ખાંદલા, (૩) બોઘાભાઇ ઉર્ફે દિનેશભાઇ ભીખાભાઇ ખાંદલા, તથા (૪) મુન્નાભાઇ નરસીંહભાઇ ખાંદલા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨૫.)** આ કામે આરોપીઓને તકસીરવાન ઠરાવેલ હોય આરોપીઓના જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપીઓને જ્યુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે સજા અંગે સાંભળવા માટે મુલત્વી.

હુકમ આજ તા.૦૮ મી ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૮-૦૮-૨૦૨૬. (મનન એસ. સોની)
મુ. બોટાદ. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, બોટાદ.
વિશાલ (જી.જે. ૦૧૨૬૨)

**<u>સજા અંગે સાંભળ્યાઃ–</u>**

આ કામનો ચુકાદો કોમ્પ્યુટર ઉપર લખાવેલ હોય તે અહીંથી નીચે મુજબ સજા અંગે સાંભળેલ છે.

**૨૬.)** આરોપીઓને સજા અંગે ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા. જેઓએ પોતાની મુખ્ય દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલ છે. તેમજ આરોપીઓએ બેફામપણે ફરિયાદી અને સાહેદોને માર મારી ડરનો માહોલ ઉભો કરેલ છે. જેથી આરોપીઓને સમાજમાં દાખલો બેસે તે માટે અને બીજી વખત આરોપીઓ આવો ગુનો ન કરે તે માટે કાયદામાં નિર્દિષ્ઠ કરેલ મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

**૨૭.)** આરોપીઓના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા. જેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ ઉપરની હકીકત તથા પુરાવો ધ્યાને લેતાં આરોપીઓએ બોલાચાલી કરી હાલનો બનાવ બનેલ છે. આરોપીઓ ગરીબ વર્ગના માણસો છે અને તેઓ પરિવાર સાથે રહે છે. તેમજ આરોપીઓનો આ પ્રથમ ગુનો છે. તેઓ નાની ઉંમરના માણસો છે. આરોપીઓ મજુરીકામ કરતા હોય ઘરની સમગ્ર જવાબદારી તેમના ઉપર રહેલી છે. તેમજ આરોપીઓનો ગુનો કરવાનો કોઇ ઈરાદો ન હોય આરોપીઓને ઓછી સજા કરવા અરજ કરેલ છે. તેમજ આ તમામ સંજોગોને ધ્યાને લઇ આરોપીઓને સુધારવા હેતુ જેલમાં ન મોકલી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ–૩ થી ૬ મુજબનો લાભ આપવા અરજી રજુ કરી તે લગતની અરજ ગુજારેલ છે.

**૨૮.)** બંને પક્ષોની દલીલો ધ્યાને લેતાં એ હકીકત નિર્વિવાદ છે કે, આરોપીઓનો આ સૌ પ્રથમ ગુનો છે, તેનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી તથા તેઓના ઘરની તમામ જવાબદારી તેમના ઉપર છે. આરોપીઓને સજા અંગે સાંભળતી વખતે તેઓએ કરેલ ગુના બાબતે પસ્તાવો કરતા હોવાનું જણાઇ આવે છે. જેનાથી તેઓની વાસ્તવિક નિર્દોષતા દેખાઇ આવે છે. વધુમાં, શિક્ષાની જે વિવિધ વિચારસરણીઓ છે તેમાંની એક વિચારસરણીએ સુધારાત્મક વિચારસરણી છે. આ સુધારાત્મક વિચાર સરણીનો મુખ્ય હેતુ એ છે કે, ગુનેગારો જન્મથી જ ગુનેગાર હોતા નથી પરંતુ ખાસ સંજોગો વ્યક્તિને ગુનો કરવા પ્રેરિત કરે છે. આ સંજોગો ઘણી વખત એવા હોય છે કે, સામાન્ય વ્યક્તિ તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતો નથી અને ગુનો કરી બેસે છે.

હાથ ઉપરના કેસમાં આરોપીઓનો ગુનો જોતા આરોપીઓએ ફરિયાદી મહાજનની વાડીમાં ક્રિષ્ના નામના હિરાના કારખાના આગળથી પસાર થતા હતા ત્યારે આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઇપ વડે માથામાં બંને પગે તથા હાથે માર મારી, પગે ફ્રેક્ચર કરેલ. જે ધ્યાને લેતાં બનાવ વખતે બનાવ સ્થળે તમામ આરોપીઓ હાજર હતાં તેમજ સદર ગુનો કરવામાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલ હોવાનું જણાય છે. જે જોતાં આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઇપ વડે ફ્રેક્ચર જેવી ઇજાઓ પહોંચાડેલ છે પરંતુ ખરેખર તે વ્યક્તિનો કોઇ ગુનો કરવાનો ઇરાદો કે હેતુ હોતો નથી.

બીજો મુખ્ય હેતુ એ છે કે કોર્ટે એ વસ્તુ ધ્યાને લેવાની હોય છે કે, સજાનો હેતુ ગુનેગારોને મારી નાખવાનો હોતો નથી પરંતુ એવી દરકાર કરવી જોઇએ કે જેથી તે ભવિષ્યમાં કોઇ ગુનો ન કરે અને વ્યવસ્થિત નાગરિક બની શકે. કેસમાં આરોપીઓ કોઇ રીઢા ગુનેગાર નથી અને જો તેઓને સજા અંગે ઉદારતા દાખવવામાં આવશે તો તેનો દુરપયોગ કરશે તેવુ જણાતું નથી પરંતુ સદર કામે મહત્વની કલમ જે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫ તથા સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના ગુનાની જોગવાઇ જોતાં સાત વર્ષ સુધીની સજાના તથા દંડની જોગવાઇ મુજબની સજાને પાત્ર ગુનો હોય તેમજ સમાજમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ ઘણુ વધારે હોય, આરોપીઓ દ્રારા કરવામાં આવેલ ગુનો જોતાં આરોપીઓ ફરિયાદીને લોખંડના પાઇપ વડે આડેધડ માર મારી ઇજા કરેલ છે.

**૨૯.)** આ પ્રકારના ગુનાઓમાં પ્રોબેશન આપવામાં આવે તો સમાજમાં વિપરિત અસર થાય. જે ધ્યાને લેતાં હાલના કામના આરોપીઓને ધી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ હેઠળનો લાભ આપવો ઉચિત જણાતું નથી. હાલના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫ તથા ૧૧૪ હેઠળની મહત્તમ સજા અંગેની કાર્યવાહી ન કરતાં અત્રેની અદાલતને જેટલી યોગ્ય જણાતી હોય તેટલી સજા તેઓને કરવી ન્યાયી અને ઉચિત જણાય છે. જેથી ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર મુદ્દા નં. ૨ તથા સજા બાબતે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

**૧.)** આ કામના આરોપી નં. (૧) કલ્યાણભાઇ ભીખાભાઇ ખાંદલા, (૨) જગદિશભાઇ ભીખાભાઇ ખાંદલા, (૩) બોઘાભાઇ ઉર્ફે દિનેશભાઇ ભીખાભાઇ

ખાંદલા તથા (૪) મુન્નાભાઇ નરસીંહભાઇ ખાંદલા નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી **દરેક આરોપીને ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો તે આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આ કામે કબજે કરેલ આંક–૦૨ થી રજુ તમામ મુદ્દામાલ હથિયારોનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે અગાઉ ભોગવેલ સજા મજરે આપવી.

**૪.)** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ મુજબ સદરહુ હુકમની એક નકલ વીના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૦૮ મી ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૮–૦૮–૨૦૨૬.
મુ. બોટાદ.
વિશાલ

(મનન એસ. સોની)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, બોટાદ.
(જી.જે. ૦૧૨૬૨)